C.C.No.2493/2025.

सत्यमेव जयते

| GJRJ050032462025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૨૯/૦૯/૨૦૨૫. |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૨૯/૦૯/૨૦૨૫. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૮/૦૭/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦ ૯ ૧૯ |

---

**જેતપુરના મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

---

**ક્રિમિનલ કેસ નં.૨૪૯૩/૨૦૨૫.**
**જે.ઉ.ગુ.ર.નં.૦૧૧૪/૨૦૨૫.**
**આંકઃ–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** અજયભાઈ ચંદુભાઈ મંડલી ઉ.વ.૩૨
રહે.જેતપુર જુના પાંચ પીપળા રોડ,
બોસમીયા પ્રોવીઝન વાળી શેરી,
જેતપુર જી.રાજકોટ.

---

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.કે.વસાવા
આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી જે.વી.લાડવા

---

==========================================
ગુનોઃ–બી.એન.એસ.કલમ– ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા
એમ.વી.એક્ટની કલમ– ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબ.
==========================================

**//ચુકાદો//**

(૧) આરોપી વિરુદ્ધ ઇન્ડીયન પીનલ કોડ–૧૮૬૦ની કલમ– બી.એન.એસ.કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૦૩/૨૦૨૫ના રોજ કલાકઃ૧૯.૩૦ વાગ્યાના અરસામાં આ કામનાં ક્રેટા ફોર વ્હીલ રજી.નં.જી.જે.૦૩.એન.પી.૯૩૭૪ નો ચાલકે પુરઝડપે બેકાળજીથી ગફલતભરી રીતે બીજાની માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી આ કામનાં ફરીયાદી ચાલીને જતાં હોય પાછળથી ભટકાડી દઈ જમણા પગના નળામાં ફ્રેકચર તથા શરીરે છોલછાલ તથા નાની મોટી ઈજાઓ કરી આરોપી ફોરવ્હીલર લઈ નાશી જઈ  બી.એન.એસ.કલમ– ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની ફરિયાદ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન , પાર્ટ–એ ગુના રજિસ્ટર નં.૦૧૧૪/૨૦૨૫થી ગુનો રજિસ્ટર કરી હાલની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ થયેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ બજી જતાં આરોપી અદાલત રૂબરૂ હાજર થયેલ. આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭

પ્રમાણે પોલીસે તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ. ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ–૨૫૧ પ્રમાણે આરોપીને તેના ઉપરના ગુનાના આરોપની વિગતો જણાવી, આંક–૦૩થી પ્લી લઈ ગુનાની કબુલાત વિષે પુછતાં, તેણે ગુનાનો સ્પષ્ટ પણે ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવોઃ–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | સાહેદ રમેશભાઈ કમાભાઈ સીંગલની જુબાની. |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરિયાદ. |
| ૨ | ૧૩ થી ૧૬ | મેડીકલ સર્ટિફિકેટો. |
| ૩ | ૧૭ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |

(૫) સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૧૮થી ક્લોઝીંગ પુરસીસ રજૂ થયેલ છે. ત્યારબાદ આરોપી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો ન હોય આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬) દલીલો:–**

ફરીયાદપક્ષે વિ.વ.એ.પી.પી.શ્રી. તથા બચાવપક્ષની દલીલો સાંભળી.

(૭) **આ કેસના નિર્ણય માટે તેઓની સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.**

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિઃશકપણે પુરવાર કરે છે કે, તા.૦૮/૦૩/૨૦૨૫ના રોજ કલાકઃ૧૯.૩૦ વાગ્યાના અરસામાં આ કામનાં ક્રેટા ફોર વ્હીલ રજી.નં.જી.જે.૦૩.એન.પી.૯૩૭૪ નો ચાલકે પુરઝડપે બેકાળજીથી ગફલતભરી રીતે બીજાની માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી આ કામનાં ફરીયાદી ચાલીને જતાં હોય પાછળથી ભટકાડી દઈ જમણા પગના નળામાં ફ્રેકચર તથા શરીરે છોલછાલ તથા નાની મોટી ઈજાઓ કરી આરોપી ફોરવ્હીલર લઈ નાશી જઈ , બી.એન.એસ.કલમ-૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ-૧૮૪, ૧૭૭, ૧૩૪, મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું હુકમ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**//નિર્ણય માટેના કારણો//**

**મુદ્દા નં.૧ અને ૨.**

(૮.૧) 125. **Act endangering life or personal safety of others**.—Whoever does any act so rashly or negligently as to endanger human life or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which

may extend to three months or with fine which may extend to two thousand five hundred rupees, or with both, but

(a) where hurt is caused, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five thousand rupees, or with both;

(b) where grievous hurt is caused, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine which may extend to ten thousand rupees, or with both.

(૮.૨) 281. **Rash driving or riding on a public way.**— Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

(૮.3) ધી મોટર વ્હિકલ એકટની કલમ ૧૭૭:– વાહન ચલાવવાના કોઈ નિયમો કે જોગવાઈઓ કે જેની કોઈ સજા નિર્ધારીત કરવામાં ન આવી હોય તેનો ભંગ કરવામા આવે તો આ કલમ હેઠળ કસુરવાર ઠરે.

(૮.૪) ધી મોટર વ્હિકલ એકટની કલમ ૧૮૪:-જે જગ્યાએ વાહન હંકારવામા આવી રહેલ હોય તે જગ્યાનો પ્રકાર, સ્થિતિ અને વપરાશ સાથે સાથે તે વખતે ટ્રાફીકની ખરેખર ભીડ હોવી કે જે જગ્યાએ હોવાનુ વાજબી રીતે ધારણા હોય તેવુ કેસના તમામ સંજોગોને ધ્યાને લેતા જાહેર પ્રજા માટે જોખમ ઉભુ થાય તો તેવી ગતિથી મોટર વાહન હાંકે તો તે વ્યકિત આ કલમ હેઠળ કસુરવાર ઠરે.

(૯) ફરીયાદપક્ષે **આંક-૧૧થી સાહેદ રમેશભાઈ કમાભાઈ સિંગલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, આજથી એક વર્ષ પહેલા તેમના પિતાજી ચાલીને ઘરે આવતા હતા ત્યારે ધોરાજી રોડ પર પહોંચતા પિતાજીને ઠોકર વાગતા નીચે પડી ગયેલ અને પિતાજીને જમણા પગે,મોંઢામા અને શરીરે ઈજાઓ પહોંચેલ. પિતાજીને કોઈના દ્ધારા કોઈ અકસ્માત થયેલ હોય તેવુ બનેલ નથી. બનાવ વિશે તેઓ અન્ય કોઈ હકીકત જાણતો નથી. પિતાજીએ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલી. જે ફરીયાદ બતાવવામા આવે છે તેમા તેમના પિતાની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક-૧૨ થી રજુ છે. તેમના પિતા હાલ બેડરેસ્ટ હોય અને તેઓને મગજનો અટેક આવેલ હોય જુબાની આપી શકે તેમ નથી.તેઓને કેસની કાર્યવાહી આગળ ચલાવવી નથી.

ઉપરોક્ત સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકત પોતાની જુબાનીમાં જણાવતા ન હોઈ ફરિયાદપક્ષે ઉપરોક્ત સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ

સરકારશ્રી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેમની કરવામાં આવેલ ઊલટતપાસમાં પણ તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો જણાવેલ નથી. સદર સાહેદ તેમના બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ વિશે તેઓ કંઈ જાણતાં નથી, કહેવાતો બનાવ કોઈના દ્વારા થયેલ હોય તેવું બનેલ નથી, તેઓને  કે તેમના પિતાને કોઈની સાથે તકરાર નથી, બનાવ સંદર્ભે કોઈએ તેમને કોઈ હકીકત જણાવેલ હોય તેવું બનેલ નથી.

(૧૦) આ કામે રજૂ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતા આ કામે એ હકીક્ત જણાય છે કે, આ કામમાં ફરીયાદપક્ષે રજૂ થયેલ સાહેદ અકસ્માત કરનાર વાહન, તેના ચાલક, વાહનની ઝડપ અંગેનો કોઈ પુરાવો તેઓની જુબાનીમાં આપતાં નથી. બનાવ કઈ રીતે બન્યો તે હકીકતને સાહેદના મૌખિક પુરાવા દ્વારા સમર્થન મળતું નથી. આમ, ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદકર્તા થઈ શકે તેવી કોઈ ખાસ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. પરંતુ તે ઈજા આરોપીએ ગફલતભરી રીતે અને બેદરકારીથી વાહન ચલાવીને કરેલાનું રેકર્ડ પરના પુરાવાથી સાબીત થતું નથી. વધુમાં સદર કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામું તેમજ અન્ય દસ્તાવેજો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે.

(૧૧) ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૪ લક્ષ પર લેવામાં આવે તો કોઈ પણ કેસ સાબીત કરવા માટે કોઈ નિશ્ચીત સંખ્યામાં સાહેદો તપાસવા જરૂરી નથી. ફકત બનાવને સમર્થન કરતા એક જ

સાહેદની જુબાની ઉપરથી બનાવ સાબીત ગણી શકાય. પરંતુ જ્યારે એક સાહેદની જુબાની ઉપરથી બનાવ સાબીત ગણવો હોય તો તે સાહેદની જુબાની એટલી સુદ્રઢ હોવી જોઈએ કે જેથી તેના ઉપર આધાર રાખી આરોપીને ગુનેગાર ઠરાવી શકાય. એક માત્ર સાહેદના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા થઈ શકે તે માટે આવા સાહેદની વિશ્વસનીયતા કોઈપણ પ્રતિ સંજોગોથી શંકાસ્પદ હોવી જોઈએ નહી. પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે તેનો જથ્થો. પરંતુ હાલના કેસમાં આરોપીને આક્ષેપીત ગુના અંગે ગુનેગાર ઠરાવવા માટે પુરાવાની જે ગુણવત્તા જોઈએ તેનો અભાવ વર્તાય છે. જેથી બચાવપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલ તમામ શંકાઓ વ્યાજબી જણાય છે.

આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષ આરોપી સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, બચાવપક્ષની દલીલ ગ્રાહ્ય રાખી, ન્યાયના હિતમાં મુદ્દા નંબર–૧ નકારમાં ઠરાવીને મુદ્દા નંબર–૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## //**હુકમ**//

(૧) આ કામનાં આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૨૭૧(૧) અન્વયે બી.એન.એસ.કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૮૪, ૧૭૭,

૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીએ અપીલ સમય માટેના રૂ.૧૦,૦૦૦/–ના જામીન રજૂ કરવા વિકલ્પે અગાઉના જામીનદારની પુરસીસ રજુ કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૮, માહેઃજુલાઈ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૮/૦૭/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

જેતપુર.

UIC–GJ01563.

Typed by:– K.m.v. Guj.steno.